# મે. મજુર અદાલત, વડોદરા ખાતેના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

**રેફરન્સ (એલ.સી.વી.) નંબર–૬૪૪/૨૦૧૭**
**આંક–૦૬**

**પ્રથમ પક્ષકાર :**

૧. **લર્ફાઝ એગ્રીગેટ એન્ડ કોન્કરેટ (ઈ)પ્રા.લી.**
સાંઘી સીમેન્ટ ગોડાઉન પાછળ સનાથલ પો.ઉલાસીયા સરખેજ,
સાણંદ રોડ, અમદાવાદ.

૨. **લર્ફાઝ એગ્રીગેટ એન્ડ કોન્કરેટ (ઈ)પ્રા.લી.**
પ્લોટ નં. ૬૪૫ ટ્રાસપેક કંપની આગળ કલાલી ક્રોસીંગ પાસે,અટલાદરા.

૩. **લર્ફાઝ એગ્રીગેટ એન્ડ કોન્કરેટ (ઈ)પ્રા.લી.**
સર્વે નં.૬૮૮/૧૨ દરજીપુરા એરર્ફોસ ગેટ સામે,
કિસ્મત કાઠીયાવાડી હોલ પાસે નેશનલ હાઈવે–૮, હરણી રોડ વડોદરા.

૪. **કોન્ટ્રાકટર/ ભાગીદાર જય સોમનાથ કન્સ્ટ્રકશન**

૫. **ઓમ એન્ટરપ્રાઈઝ**
બી/૪ નીલેશ એપાર્ટમેન્ટ કર્મા ફ્લેટસ રાજેશ પાસે, ગોત્રી રોડ વડોદરા

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :**

**શ્રી અશ્વીનભાઈ શનાભાઈ ઠાકોર**
C/O આદર્શ જનરલ કામદાર પ્રગતિ યુનિયન,
એફ/૬ સપના કોમ્પલેક્ષ, ભાટીયા પેટ્રોલ પંપની બાજુમાં રૂપમ
સિનેમા સામે, હરણી રોડ,વડોદરા

**રજુઆત :** પ્રથમ પક્ષકાર તરફે વિ.વકીલશ્રી ગેરહાજર
બીજા પક્ષકાર તરફે વિ. યુનિયન પ્રતિનિધિ શ્રી આઈ.એ.શેખ

## // એવોર્ડ //

(૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેના ઔધોગીક વિવાદને આઇ.ડી. એકટની કલમ–૧૦ (૧) હેઠળ મદદનીશ નાયબ શ્રમ આયુકત તરફથી હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે./૧૭૬૩૯ તારીખ–૧૦/૦૮/૨૦૧૭ નારોજ મજુર અદાલત વડોદરાને ન્યાય નિર્ણય અર્થે બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ? તે માટે રીફર કરેલ છે.

(૨) ચાલું કામે બીજાપક્ષકારના પ્રતિનિધિશ્રીએ અધિકાર પત્રની રૂએ આંક– ૦૫ થી પુરસીસ રજુ કરેલ છે. જેમાં જણાવે છે કે, આ કામના બીજાપક્ષકાર કામદાર અમો યુનીયન પ્રતિનિધિના સંપર્કમાં છેલ્લા

ધણાં સમયથી નથી, કે યુનીયન ઓફીસે આવતા નથી. આથી બીજાપક્ષકારના પ્રતિનિધિની અરજ કે,રેફરન્સ નં.૬૪૪/૨૦૧૭ કેસમાં બીજાપક્ષકાર કામદાર સંપર્કમાં આવ્યેથી બચાવના હકકો તેમ કાયદેસરની તકરારના હકકો અબાધિત રાખી અમારી તકરારો ને બાધ ન આવે તે મુજબ હાલનો રેફરન્સ કેસ નામદાર અદાલત સમક્ષ રેફરન્સ નં.૬૪૪/૨૦૧૭ થી હાલ જારી સદર રેફરન્સ કેસ ફરી જરૂર જણાય ફરી ફાઈલે લેવા અરજ કરવાના હકકો અબાધિત રાખી હાલ પુરતી સદર રેફરન્સ કેસ પરત ખેંચીએ છીએ. જે અનુંસધાને અત્રેની કોર્ટ ધ્વારા નીચે મુજબનો આખરી હુકમ કરેલ.

// **<u>આ ખ રી હુ ક મ</u>** //

(૧) બીજા પક્ષકારના ધ્વારા રજુ આંક–૦૫ ની પુરસીસના આધારે આ રેફરન્સ કેસ ફરી ફાઈલે લવાના હકકો અબાધિત રાખી આથી વિડ્રોઅલથી ફેંસલ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**(ભાવેશ કિશોરકુમાર રાવલ)**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત નંબર–૩, વડોદરા.**
**કોડ નં. જી.જે.૦૧૨૫૫.**

**તારીખ : ૦૯/૦૩/૨૦૨૩.**
**સ્થળ : વડોદરા.**
(પી.એમ.હાડા–સ્ટેનો)